# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩, ૨૬૫૭૮૧૬૧, ૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૦૧–૦૫–૨૦૨૬

**કમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ભારે વધારો, મોંઘવારીથી પીડિત જનતા પર વધુ એક આંચકો**
**પ્રવાસી-મજૂરો પર મોંઘવારીનો તગડો પ્રહાર, ૫ કિગ્રા સિલિન્ડર પણ ₹૨૬૧ મોંઘો..!**

કમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ભારે વધારો, મોંઘવારીથી પીડિત જનતા પર વધુ એક આંચકો સાથો સાથ **પ્રવાસી-મજૂરો પર મોંઘવારીનો તગડો પ્રહાર, ૫ કિગ્રા સિલિન્ડર પણ ₹૨૬૧ મોંઘો થયો** જે ચૂંટણી પછી ગેસ સીલીન્ડરમાં ભાવ વધારો ઝીંકવાની ભાજપ સરકારની નીતિનો પર્દાફાશ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે દેશભરમાં પાંચ રાજ્યોની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા જ કેન્દ્રની ભાજપ સરકારે સામાન્ય જનતા અને નાના વેપારીઓ પર મોંઘવારીનો વધુ એક મોટો પ્રહાર કર્યો છે. ૧મે થી ૧૯ કિલો ગ્રામના કમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ₹૯૯૩નો અભૂતપૂર્વ વધારો કરવામાં આવ્યો છે, જેના કારણે તેનો ભાવ ₹૨૦૭૮.૫૦થી વધીને ₹૩૦૭૧.૫૦ થયો છે. એક જ દિવસે આશરે ૫૦%નો વધારો છેલ્લા કેટલાક વર્ષોમાં સૌથી મોટો વધારો છે. એટલું જ નહીં, ૫ કિલો ગ્રામના "ફ્રી ટ્રેડ એલપીજી (એફટીએલ)" સિલિન્ડરના ભાવમાં પણ ₹૨૬૧નો વધારો ઝીંકવામાં આવ્યો છે, જેનો સીધો પ્રભાવ નાના દુકાનદારો, રેંકડી-લારી વાળા અને સ્વરોજગાર સાથે જોડાયેલા લાખો લોકો પર પડશે. છેલ્લા ચાર મહિનામાં કમર્શિયલ સિલિન્ડરના ભાવમાં કુલ ₹૧૫૧૮નો વધારો થયો છે. આથી સ્પષ્ટ થાય છે કે ભાજપ સરકારે ચૂંટણી દરમિયાન મોંઘવારીને દબાવી રાખી અને હવે "ચૂંટણી બિલ" તરીકે જનતાથી વસૂલી શરૂ કરી છે.

મજૂર દિવસના દિવસે જ પ્રવાસી અને મજૂર વર્ગ પર મોંઘવારીનો ભારે આંચકો પડ્યો છે. ૫ કિલોના સિલિન્ડરના ભાવમાં જબરદસ્ત વધારો થયો છે, જે ₹૨૬૧ જેટલો મોંઘો બન્યો છે. ૫ કિલોનું સિલિન્ડર ખાસ કરીને શ્રમિક-મજૂર વર્ગ, પ્રવાસીઓ અને ઘરથી દૂર રહેતા વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું હતું. હવે આ વર્ગ પર મોંઘવારીનો ભારે પ્રહાર થયો છે. આ વધારાથી ૫ કિલોનું સિલિન્ડર ₹૫૪૯ થી વધીને ₹૮૧૦ થઈ ગયું છે. ગયા મહિને એટલે કે એપ્રિલ ૨૦૨૬માં પણ આ સિલિન્ડરના ભાવમાં ₹૫૧ નો વધારો કરવામાં આવ્યો હતો. નવી વધારાની અસરથી શ્રમિક-મજૂર વર્ગ, પ્રવાસીઓ અને વિદ્યાર્થીઓ પર ગંભીર અસર પડશે. ઓછા ખર્ચે ગુજરાન ચલાવનાર અને બચત પર ભાર મૂકનાર આ વર્ગને હવે વધુ ખર્ચ કરવો પડશે. તેનો સીધો પ્રભાવ રેસ્ટોરન્ટ, હોટેલ અને સ્ટ્રીટ ફૂડના ભાવ પર પડશે. સાથે જ લગ્ન-પ્રસંગોમાં ખોરાકનો ખર્ચ પણ વધશે. ઓનલાઈન ફૂડ ઓર્ડર પણ મોંઘા થઈ શકે છે.

કોંગ્રેસ પક્ષ સ્પષ્ટપણે કહેવા માંગે છે કે મોદી સરકાર "આપત્તિને ભાવવધારાના અવસર" તરીકે અને "જનતાને બોજ" બનાવવાની નીતિ પર કામ કરી રહી છે. રેકોર્ડ બેરોજગારી અને પહેલાથી જ વધી રહેલી મોંઘવારી વચ્ચે આ નિર્ણય દેશની અર્થવ્યવસ્થા અને સામાન્ય લોકોની રસોઈ પર સીધો હુમલો છે. ચા વેચનાર, ઢાબા, હોટેલ, બેકરી, હલવાઈ દરેક વર્ગ આ વધારાથી પ્રભાવિત થશે અને તેનો અંતિમ પ્રભાવ સામાન્ય નાગરિકની થાળીમાં દેખાશે. અમને આશંકા છે કે આગામી સમયમાં પેટ્રોલ, ડીઝલ, ઘરેલુ એલપીજી અને સીએનજીના ભાવોમાં પણ વધારો કરીને જનતા પર વધુ બોજ નાખવામાં આવશે.

કોંગ્રેસ પક્ષની માંગ છે કે કમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં કરાયેલો વધારો તરત જ પાછો ખેંચવામાં આવે. ઘરેલુ એલપીજી, પેટ્રોલ-ડીઝલ અને સીએનજીના ભાવોને નિયંત્રિત કરવા માટે અસરકારક પગલાં લેવામાં આવે. નાના વેપારીઓ અને ઓછી આવકવર્ગ માટે રાહત પેકેજ જાહેર કરવામાં આવે.

ડૉ. મનિષ એમ. દોશી
મીડીયા કન્વીનર અને પ્રવક્તા